## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના આજે રાત્રે ૯-૦૦ વાગે અતુલભાઈ ત્રિવેદી, બ્લોક નં. ૨/૪, છ ટાઈપ ખાતે યોજાશે.
- શ્રી શિવ-શકિત શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯-૦૦ વાગે મહેશભાઈ ભટ્ટ બલોક નં. ૪૨/૩, છ ટાઈપ ગુરૂકુળની સામે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે વિનોદભાઈ સી. ત્રિવેદી, ડી,૩૦૨ રાધે, રેસીડેન્સી કોબા રોડ કુડાસણ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે આજે રામકથા પાર્વતી પ્રાગટય અને મીઠાઈ ફરસાણના હિંડોળા ઝુલાવવામાં આવશે. ભાવિ ભકતોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.
- મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજે સોમવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન શકિત કૃપા સોસાયટી, શકિતશ્વર મહાદેવની બાજુમાં ચાંદખેડા ખાતે યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.
- શ્રી બાજખેડાવાળ મંડળ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત અને શ્રી વિષ્ણુ સહસ્ત્ર પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે બાલાજી મંદિર, સેકટર-૧૬ ખાતે યોજાશે. જેમાં ભગવાનની પ્રસાદી મીનાબેન શુકલ દ્વારા પુરી પાડવામાં આવી છે. નગરજનોને પાઠનો લાભ લેવા નિમંત્રણ પાઠવ્યું છે.

## વહાણવટી વિદ્યાલયમાં વ્યસન મુકિત અભિયાન યોજાયું

ગાંધીનગર, તા.૩

વહાણવટી વિદ્યાલયમાં વ્યસનમુકિત અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૨૦ બાળકોએ ભાગ લીધો હતો. સરદાર વલ્લભભાઈ પટેલના વ્યસન મુકિત અંગેના વિચારોનો ખ્યાલ નફીસાબેને ખ્યાલ આપ્યો હતો અને બાળકોને ઈનામ આપી વ્યસનમુકત કર્યા હતા. ગાયત્રી પરિવારના શ્રી મનોજભાઈ, ભારતીબેન, સવિતાબેન, શ્રી પિનાકીનભાઈએ પ્રદર્શન દ્વારા બાળકોને વ્યસન મુકિતની માહિતી આપી હતી. આચાર્ય શ્રી હીનાબેન પંડયાએ વ્યસન મુકિત વિષે માહિતી આપી હતી. વિજેતા બાળકો રાવત વિક્રમ ધો-૧૦, પરમાર પિયુષ ધો-૯, રાઠોડ ડીમ્પલ ધો-૮ રહ્યા હતા. નિર્ણાયક તરીકે રમીલાબેન અને હીરલબેને પોતાની ફરજ બજાવી હતી. આચાર્ય શ્રી મનીષભાઈ પ્રજાપતિએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રી હીનાબેન પંડયાએ બાળકોને વ્યસનમુકિતની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓ રોપ સ્કીપીંગ સ્પર્ધામાં રાજયકક્ષાએ રમશે

ગાંધીનગર, તા.૨

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં એન્ડર-૧૯ રોપ સ્કીપીંગ સ્પર્ધા જિલ્લા કક્ષાની યોજાઈ હતી. શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બહેનો પ્રથમ સ્થાને વિજેતા બની છે જે રાજયકક્ષાએ રમવા જશે.

ચૌધરી પ્રગતિ એચ. ચાવડા ખ્યાતિ એમ., પટેલ સપના જે., ચૌધરી રીતુ એ., ચૌધરી કિંજલ કે., ચૌધરી મહિમા આર., ચૌધરી વર્ષાબેન ડી., ચૌધરી કિરણભાઈ આર., ચૌધરી નીતાબેન આર., ચૌધરી હિનાબેન બી. રમવા જશે. આચાર્યશ્રી સંતોકબેન તથા વ્યાયામ શિક્ષક શ્રી લીલાબેને અભિનંદન પાઠવ્યા છે.

# મેડીકલ કોલેજ હોસ્ટેલની બાજુમાંથી શ્રાવણિયો જુગાર રમતા સાત જુગારીઓ ઝડપાયા

### સે.૭ પોલીસે બાતમીને આધારે રાત્રે દોઢ વાગ્યે દરોડો પાડ્યો હતો : ખુલ્લામાં બેસીને બાજુ માંડી હતી

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર શહેરમાં સ્થિત મેડીકલ કોલેજની હોસ્ટેલ બહાર રાત્રે દોઢ વાગે ખુલ્લેઆમ શ્રાવણીયો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસે દરોડો પાડીને સાત શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પડ્યા હતા. રૂ.૩૬ હજાર રોકડા તથા ત્રણ બાઈકો મળીને રૂ.૨.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને સે-૭ પોલીસે સાતેય જુગારીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સે-૧૨ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સ્થિત મેડીકલ કોલેજની બહાર સ્ટ્રીટ લાઈટમાં શ્રાવણીયો જુગાર જામ્યો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસ મથકના પીઆઈ જે.એમ. ભરવાડની ટીમે રાત્રે દોઢ વાગ્યે રેડ પાડી હતી. પોલીસે દરોડો પાડીને રૂ.૩૬૩૦૦ રોકડા તથા ત્રણ બાઈકો મળીને કુલ રૂ. ૨,૬૨,૩૦૦ ના મુદ્દામાલ સાથે સાત જુગારીઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. પેથાપુર ગામમાં રહેતા ઈરફાન દાઉદ શેખ, સે-૨૨ ચ-ટાઈપમાં રહેતા અજય અમરત બારૈયા, વાવોલના અરવિંદ લાલભાઈ પટેલ, વિજય અનંતકુમાર પટેલ, બાલવાના શમ્ભુ કાંતિ બારોટ, અને છત્રાલના ભરત મફા ઠાકોર મળીને સાતેય જુગારીઓની ધરપકડ કરી સે-૭ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય (રાજ્ય/રાષ્ટ્રીય) એવોર્ડ ટીચર્સ ફેડરેશન દ્વારા રવિવારે સવારે બ્રહ્માણીકૃપા હોલ ખાતે એક શૈક્ષણિક અધિવેશનનું આયોજન કરાયું હતું. જેમાં મહેમાન તરીકે શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ હાજરી આપી હતી. આ પ્રસંગે ૧૪ વર્ષીય બાળાએ 'યોગા'ના અદ્‌ભૂત કરતબ બતાવ્યા હતા. એવોર્ડ શિક્ષકો આવનારા સમયમાં શુ ભૂમિકા અદા કરી શકે તે વિશેની ચર્ચાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નીમાવત)

# કોલવડા ઓએનજીસી કુવા પાછળથી શ્રાવણિયા જુગાર રમતા ચાર પકડાયા

### ચારેય જુગારીઓને પકડી પાડી ૩૨ હજારથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર નજીકમાં સ્થિત કોલવડા ઓએનજીસી કુવા પાસેથી શ્રાવણીયો જુગાર રમતા ચાર શકુનીઓને પેથાપુર પોલીસે દરોડો પાડીને રંગે હાથ ઝડપી પડ્યા છે. બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડ્યો હતો. ચારેય શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી રૂ.૩૨ હજારથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક કોલવડા-રાંધેજા રોડ પર કોલવડા ગામની સીમમાં સ્થિત ઓએનજીસી કુવા પાછળ ખુલ્લા ખેતરમાં શ્રાવણીયો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એસ. જે. વાઘેલા તથા તેમની ટીમે બપોરના અરસામાં દરોડો પાડીને રૂ.૩૨,૩૧૦ રોકડ મુદ્દામાલ સાથે ચાર જુગારીઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. કોલવડા ગામમાં રહેતા નવઘણ હિંમતસિંહ વાઘેલા, રોહિત દશરથસિંહ વાઘેલા, નવલ જશુસિંહ વાઘેલા અને તુષાર કનકસિંહ વાઘેલા મળીને ચારેય જુગારીઓની ધરપકડ કરી પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માજી પંચાયત સભ્યના કુટુંબને જીવતા સળગાવી દેવાની સરપંચે ધમકી આપી

### ગેરકાયદે ઉભા કરેલા દબાણ અંગે ફરિયાદો ન કરવા ધમકી અપાઈ રહી હોવાની કલેક્ટર અને ડીએસપી સમક્ષ રજૂઆત

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર નજીક આવેલા આદરજ મોટી ગામમાં માજી પંચાયત સભ્યને ગામના સરપંચ અને પંચાયતના સદસ્યોએ ખોટા કેસમાં પુરાવી દઈ તેમને તથા તેમના કુટુંબને જીવતા સળગાવી દેવાની ધમકી આપી છે. આ અંગે માજી પંચાયત સભ્યએ સરપંચ સહીત સદસ્યો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગણી સંદર્ભે જીલ્લા કલેકટર તથા ડીએસપીને લેખિત રજૂઆત કરી છે. ગેરકાયદે ઉભા કરેલા દબાણો દુર કરવા અંગે માજી પંચાયત સભ્યએ તંત્રને ફરિયાદો કરી હતી તે સંદર્ભે ધમકીઓ અપાઈ રહી હોવાનું રજુઆતમાં જણાવ્યું છે.

આદરજ મોટી ગામમાં સુથાર વાળું પરું વિસ્તારમાં રહેતા માજી પંચાયત સભ્ય સોમાજી ઠાકોરે ગામના સરપંચ તથા પંચાયત સદસ્યોએ ઉભા કરેલા ગેરકાયદે દબાણો મામલે તંત્રને ફરિયાદ કરી હતી. ત્યાર બાદ સરપંચ અને સદસ્યો સોમાજીને મળ્યા હતા અને દબાણ દુર નહિ થાય તેમ કહીને ધમકી આપી હતી કે જો તમે આ દબાણ વિષે કોઈપણ અધિકારી સમક્ષ રજૂઆત કરશો તો અમે રાજકીય વગ વાપરીને ખોટા કેશમાં પુરાવી દઈ તમને અને તમારા કુટુંબને જીવતા સળગાવી દઈશું. આ ધમકીઓ આપ્યા બાદ ચારેક દિવસ અગાઉ ફરીથી આ જ ધમકી આપીને ગામમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપી હોવાની રજૂઆત માજી પંચાયત સભ્ય સોમાજીએ જીલ્લા કલેકટર અને ડીએસપી સમક્ષ કરી છે. અને સરપંચ સહીત સદસ્યો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માગણી કરી છે.

## સાબરડેરી સુવર્ણજયંતિ મહોત્સવની વક્તૃત્વ સ્પર્ધામાં ઓરાણ હાઈસ્કૂલ વિજેતા

### તાલુકાકક્ષાની સ્પર્ધામાં પણ ઓરાણ હાઈસ્કૂલની કુ. સૃષ્ટિ પટેલે ધારદાર વક્તૃત્વથી મેદાન માર્યું

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ઓરાણ, તા. ૩

ચિલોડાથી હિંમતનગર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ઓરાણ ગામે આવેલ હાઈસ્કૂલમાં સાબરડેરીના સુવર્ણજયંતિ મહોત્સવ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ઓરણની શેઠ એમ.કે. ઓરાણ ગૃપ હાઈસ્કૂલની ધોરણ-૯માં ભણતી કુ. સૃષ્ટિ એન. પટેલે માધ્યમિક વિભાગમાં તથા કુ. કપિલા એમ. લેઉવાએ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પ્રાંતિજની પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ખાતે તાલુકાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં પણ કુ. સૃષ્ટિ પટેલે પ્રથમ સ્થાને વિજેતા બની ઓરાણ હાઈસ્કૂલનું ગૌરવ વધાર્યું હતું. આ પ્રસંગે ઓરાણ ગામની દૂધ મંડળીના ચેરમેન તેમજ જુદી જુદી શાળાના શિક્ષકો અને આચાર્યોએ તેને અભિનંદન પાઠવ્યા હતા.

## એ.એ. પટેલ કોલેજમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૩

તાજેતરમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે એન.એસ.યુનિટના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો આવકારોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને એન.એસ.એસ. પ્રવૃત્તિઓ જેવી કે ગ્રામ શિબિરોમાં જવુ, સફાઈ અભિયાન હાથ ધરવા, જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ થવુ સહિતની માહિતી આપવામાં આવી હતી. પ્રવૃત્તિથી નેશનલ કક્ષાએ થતા ફાયદાની માહિતી પણ પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત એન.એસ.એસ. ના વડા કમલકુમાર કર, એન.વાય.કે.ના કો.ઓડિનેટર રજનીકાન્ત સુથાર, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જે.જે. ભટ્ટ અને વાઈસ પ્રિન્સિપાલ ડૉ. જિજ્ઞાબેન ઓઝા, પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રીમીંગ બાદ ડાળા-પાંદડાના નિકાલના અભાવે પ્રસરતી ગંદકી

ગાંધીનગર, તા.૩

ચોમાસામાં ઘ અને ચ રોડ ઉપરની ફૂટપાથો પર અંતરાયરૂપ બનતા ફાલેલાં વૃક્ષોના ડાળાં કાપી તેના ટ્રીમીંગની કામગીરી કરવા માટે વન વિભાગ તેમજ જવાબદાર તંત્રને અભિનંદન ઘટે છે એની અખબારી યાદી પ્રસિધ્ધિ કરાવી જે તે તંત્રે પોતે પોતાની પીઠ પણ થાબડી લીધી છે.

પરંતુ ચ-૦ થી ચ-૧ વચ્ચે તથા ઘ-૦ થી ઘ-૧ વચ્ચે અનુક્રમે અમદાવાદથી આવવાની ને અમદાવાદ જવાય દિશા તરફની ફૂટપાથો પર એ ટ્રીમીંગના અવશેષો ડાળાં-ડાખલાં-પાંદડાં હજુ ય પડી રહ્યા છે. જે એક પ્રકારે કચરો જ છે. અને નગરની શોભા બગાડવા ઉપરાંત ફૂટપાથ પર ચાલનારાઓ માટે આ ઢગલાઓ અંતરાયરૂપ બની રહ્યા છે. કાં તો ધીરે ધીરે વરસાદમાં વહીને રોડ સાઈડની ગટરોમાં જમા થાય છે ને કાં કહોવાય છે.

શું ટ્રીમીંગની સાથે જ આ ડાળાં-પાંદડાં ઉપાડી જવાનું તંત્ર ગોઠવી ન શકે? કે પછી તરત જ તેના નિકાલની વ્યવસ્થા કોણ કરે એ વાતે લોકો ભોગ બનતા રહે?

## ઈન્દ્રોડામાં દશામાની મૂર્તિ પધરાવવા માટે આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩

પાટનગરની પાસે આવેલ ઈન્દ્રોડા ગામમાં દર વર્ષે દશા માતાજીની મૂર્તિ પધરામણી માટે આયોજન કરવામાં આવે છે ત્યારે આજે પણ સમસ્ત ઈન્દ્રોડા ના ગ્રામજનો દ્વારા ગામમાંથી સાબરમતીના કિનારે સુધી જવા માટેની સગવડ કરવામાં આવી છે. માઈ ભકતો માટે પાર્કિંગ, નદી કિનારા સુધી લાઈટની વ્યવસ્થા, ચા-પાણી અને પ્રસાદ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. માતાજીનું જાગરણ પૂર્ણ કરી મૂર્તિને પધરાવવા માટે ઈન્દ્રોડા ગામમાં આવવા માટે આજુબાજુના ગામોના ભાવિ ભકતોને લાભ લેવા હસમુખ મકવાણાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ડભોડીયા હનુમાનજીએ કલાત્મક હિંડોળાના દર્શન

ગાંધીનગર તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડભોડાના હનુમાનજી મંદિરે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કલાત્મક હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હિંડોળાના દર્શન કરવા માટે શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા શ્રધ્ધાળુઓ કલાત્મક હિંડોળાના દર્શન કરીને ભકિતરસમાં તરબોળ થયા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સેકટર-૭, પ્લોટ નં. ૩૩૩ ખાતે રવિવારે સ્થાનિક વસાહતીઓ દ્વારા એક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા નગરસેવક સુકેતુ મહેતાએ ૧૨૪મી વખત રકતદાન કર્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

## પેન્શનર્સ સમાજનો દસમો ઈનામ સમારોહ યોજાયો

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૩

વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજના સભ્યોના બાળકોને/ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટેનો દસમો ઈનામ વિતરણ કાર્યક્રમ રવિવારે બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ, ફાર્મસી કોલેજ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ, સેક્ટર-૨૩ માં યોજાયો હતો. જેમાં બાળકો દ્વારા વેશભૂષા, એકપાત્રિય અભિનય, ગીત-સંગીતઅને ડાન્સનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતો. ઉપરાંત આ કાર્યક્રમમાં જે સભ્યોએ ૬૫, ૭૫ અને ૮૦ વર્ષ પુરા કરેલ હતા તેઓનું તથા દાપત્ય જીવનના ૫૦ વર્ષ પૂરા કરેલ હોય તેવા સભ્યોનું પણ શાલ ઓઢાડી અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ગજેન્દ્રસિંહ લાલસિંહ રહેવર, સાબર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનીકલ ફેઝ ગર્લ્સ મજરા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પેન્શનર્સ સમાજના સભ્યો બહોળી સંખ્યામાં ફેમીલી સાથે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ઉવારસદમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૩

ભાવનાબેન ગોકલાણી દ્વારા બહુચર માતાજીનો આનંદનો ગરબો તા. ૫, ઓગષ્ટ, મંગળવાર, બપોરે ૨.૦૦ થી ૫.૦૦ દરમિયાન નર્મદાબેન બાબુભાઈ પટેલ, ઠે. ચિકાપુરા, ઉવારસદ, તા. જી. ગાંધીનગર યોજાશે. ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૩
સૂર્યાસ્ત : ૭.૧૮

### તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૨ ટકા
વરસાદ : ૬ મી.મી.

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
કીક : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૨.૦૦, ૨.૧૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
કીક :૧૦.૦૦,
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૩૦
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
કીક :૧૦.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૦.૧૫. ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**ધાર્મિક કાર્યક્રમ**

- શ્રાવણ સુદ આઠમ , તા. ૪-૮-૨૦૧૪, સોમવારના રોજ ચુંદડીના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

### આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : અટકેલા કામ પૂરા થવાની સંભાવના છે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : પ્રયત્ન કરવા પર કાર્યોમાં સફળતા મળશે. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

### ચિરવિદાય

- સ્વ. દશરથભાઈ મંગળદાસ પટેલ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૮૭૩/૨, સેક્ટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. ઠાકોર ગગીબેન લક્ષ્મણજી (ઉ.વ. ૫૭) મુ. ધોળાકુવા, તા. માણસા, જી. ગાંધીનગર.
- સ્વ. રામવતીદેવી (ઉ.વ. ૮૫) સી.આર.પી. કેમ્પ, ગાંધીનગર.
- સ્વ. કમલેશભાઈ ઈન્દુલાલ શાહ (ઉ.વ ૬૮) ૨૩૪-એ/૧૨, એટીવીએલ, અડાલજ, ગાંધીનગર.
- સ્વ. રાજીબેન ગાંડાજી ઠાકોર (ઉ.વ. ૬૦) મુ. ઉકરોજ, તા. માંડલ, જી. અમદાવાદ.
- સ્વ. કાન્તાબેન આતાજી સોલંકી (ઉ.વ ૫૭) મુ. બુટાકીયા (ડભોડા) તા. જી. ગાંધીનગર.